Extra No. 337

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, NOVEMBER 12, 2025 / KARTIKA 21, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી નવેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધુ:-

- પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. એસઓજી/મ.ભા/જાહેરનામુ/૭૭૫/૨૫, તા.૨૭/૧૦/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

નં.ડીસી/જાહેરનામુ/વશી.૧૦૬૪૫ થી ૧૦૬૭૬/૨૦૨૫:- ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને તાજેતરમાં તેમજ ભૂતકાળમાં બનેલા બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજિક તત્વો મહત્વના શહેરોના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી અગર તો દુકાન/ઓફીસ/વ્યવસાયિક ક્ષેત્રો ભાડેથી મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરી રહ્યા છે.

આગામી સમયમાં તહેવારો આવતા હોય તેમજ ભારતના વીવીઆઈપીશ્રીઓની મુલાકાતે આવતા જતા હોઈ, તદઉપરાંત બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી અગરતો બીજા જિલ્લાઓમાંથી આવતા તત્વો સ્થાનિક માણસોના સહકારથી મકાન અગર તો વ્યવસાયિક ક્ષેત્રો તરીકે ઉપયોગ થતી દુકાન/ઓફીસ/શોપીંગ મોલ ભાડેથી રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી/અસામાજિક પ્રવૃતિને અંજામ આપતા હોય છે, આ સ્થિતીને નિવારી શકાય અથવા તો અંકુશમાં મૂકી શકાય તે સારૂ કોઈ

દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન માલીક અગર તો આ માટે આવી દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન માલીકે ખાસ સત્તા આપેલી હોય તેવી વ્યક્તિ જ્યારે દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન ભાડે આપે ત્યારે સબંધીત પરિપ્રેક્ષ્યમાં આવતાં પો.સ્ટે.માં જાણ કર્યા બાદ જ દુકાન/ઓફીસ/શોપીંગ મોલ/મકાન ભાડે આપે અને ભાડે આપેલ પ્રોપર્ટીની વિગત ભાડૂઆત અને સબંધીત દલાલ કે જેઓએ ભાડૂઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમ મુજબની જે તે વિસ્તારના પો.સ્ટે. ખાતે આપે તે હાલના સંજોગો જોતાં અત્યંત જરૂરી છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો પર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાતુ હોઈ, વંચાણે લીધેલ પત્રથી પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરએ જરૂરી દરખાસ્ત મોકલેલ છે.

જેથી હું મેહુલ કે. દવે આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ હોય તેવી વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને દિન-૧૫ માં સત્વરે જાણ કરવાની રહેશે. ભાડે આપેલ મકાન, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમોની વિગત ભાડૂઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડૂઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમોમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત, કયા વિસ્તારમાં, કેટલુ બાંધકામ	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ સરનામું	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટી ક્યારે ભાડે આપેલ છે ભાડાની વિગત સાથે કેટલા સમય માટે	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે. તેમા રહેનાર તમામ વ્યક્તિના પાકા નામ સરનામા સાથે	સ્થાનિક રીતે ભાડૂઆતની ઓળખાણ આપનારનું નામ સરનામું	મકાન/દુકાન/ ઓફિસ/શોપીંગ/ મોલ/ વ્યવસાયિક ક્ષેત્રની પ્રોપર્ટીના માલિકને ભાડૂઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમ તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી બંને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, આથી એકતરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ, તમામ તાલુકા પંચાયત કચેરીઓ તથા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીના નોટીસ બોર્ડ પર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ પર હુકમની નકલ ચોટાડી પ્રસિદ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમને સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવો.

આજ તા. ૦૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

મેહુલ કે. દવે,

જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.15 10:01:14 IST